મદ્યનિષેધક પદ્યો.

(દારૂથી થતી ખરાબી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્રેસીડન્સી સોશીયલ રીફૉર્મ
એસોશીએશન, મુંબઈ.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦.

ધી “ રાંદેર ” પ્રીન્ટીંગ પ્રેસ, સુરત.

કિંમત છ પાઈ

દારૂથી થતી ખરાબી.

કેટલાંક છુટાં છુટાં પદ્યોનો સંગ્રહ.

આ સુરા, પીઓ નવ નરા, મૃત્યુને શરણુ ફોકટ કાં જાઓ,
ઘરબાર માલ સહુ અગ્નિહોમે કા હોમો ॥ ૧
શું થઈ રાજી, દારૂથી ભુલી, મનમાહિં ફુલી તું પીડામાહિં જાતો.
જન દારૂબાજ ખલ સંગ વિષે તું ફરતો ॥ ૨
કંઈક ઇ સુરાના દાસ, પડીને ફાંસ, નરકમા ચાલ્યા,
વળી ચઢી જઇ કુપથ, જીવિતને ખોયાં ॥ ૩
ખસ દૂર ભાઇ તુ છુર, ખોમનો ઊર, વારૂણી રૂપી,
ધન માન જ્ઞાન સુખ શુ, ડુબાવે મદિરા કુપી ॥ ૪
શું અન્ન રસકેરો સ્વાદ દારૂમા પડે,
શું દુધ દહિ તણી, ભુખ તેહુથી ટળે ॥ ૫
સમજીને ચિત્ત મન લઇને હિત, શીખામણ મનમા ધરની;
નરદેહ ખરેખર પુનરપિ આવે નહિ ॥ ૬
શીશી પેટ સારૂ આ વેઠ, પડેછે હેઠ અતિશે,
પઇ પઇ જોડીને એમ, દારૂમા ખરચે ॥ ૭
ઘરમાહિ નાહિ એક રાતી પાઇ, છે બાઈ છોકરાં ભુખ્યા,
માબાપ બંધુ જન સર્વ થાયરે દુખીઆ ॥ ૮

સુખ ક્યાંથી હોય, ઘર તેહમાંય, જ્યાં સુરા ઉપદ્રવકારી,
નર મૂર્ખ ફસીને આપ, વ્હોરે દુઃખ ભારી ॥ ૯
ભાઇ નાસ હજી જ્યા સુધી ભાન છે મનમાં
કર સફળ મળ્યો તુજ જેહ માનવી જનમા ॥ ૧૦
ત્યજ સુરાપાન, મુજ વચન માન, પરમારથ થાય તે કરની,
જગમાહી થઇને ધન્ય, મોક્ષપદ વરની ॥ ૧૧

૨

આ સુરા ઘાતકી, અમિત પાતકી, આવી વગી દેશે,
બહુ લક્ષ કોટિ લઇ જાય, લુંટી પરદેશે ૧
ફરી ગટકોળી બહુ મોહ, ભલા ભલા સુજ્ઞાને,
નાખે ભૂરકી, ચુની જાગ, માનવ જીવનને ૨
આ સુરા, મુર્ખ જે પુરા, ધરે ઉર માંહિ,
તેની દેહ બુધ્ધીનો નાશ થાય જગમાહિ ૩
વારૂણી રૂપી, કુનારી વરી છે જેને
નવ છોડે કોઇ કાળ, ઉભી રહે પાસે ૪
એ સુરા વળગી એકવાર, છૂટે નહિ છોડી,
યમ સદન પહોંચાડે જન, દેહને પાડી ૫
એ સુરા, લોકને છળી, લડાવી વળી, નાશ કરનારી,
રહો દુર તેથી હમેશ, તમો નરનારી ૬

૩

કાલકૂટ વિષ સમાન મદ્ય જગ વિષે,
પાન કરનાર સહુ નષ્ટ સમૂળ કરે. ૧

મન શક્તિ ભૂરકી નાખી, બુદ્ધિ બગાડે,
અજ્ઞાનપણાનોજ બહુ પાસ બેસાડે. ૨
મગજ શકિત મંદ હોય, ભ્રમણ થાય બુદ્ધિ જાય,
કાર્ય સુઝે નહિ કોઈ, મૂર્ખતા વધે. ૩
હાથ પાય કંપ થાય, જીભ તોતડે,
કાન આખ છતા પણ સુણે ન સાંભળે. ૪
અન્ય વિષ છે ઘણા, ન જલદ પણ બહુ,
પીનાર એક મનુજપર અસર તે કરે ૫
દારૂમા અધિક એથી નાશ પ્રાપ્ત છે,
ન એક પણ અનેકને ડુબાવનાર તે. ૬

૪

આ લોક સુરાને કેમ ભજે, (૨)
બહુ રમ્ય દિસે, પણ લોક ફસે, નિત દુષ્ટજ એ. ૧
કાંઈ મૂરખ ચાલ્યા મૃત્યુ પથે,
ખુબ દારૂ પીતા કઈ નરક જતા, બહુ મૂઢ મતિ. ૨
ઘેર બાપ બંધુજન ટળવળતા,
નવ ખર્ચ વિષે પણ આક રંડ, જો મદ્ય પીયે ૩
ઉપવાશી જનો ઘરમાંહિ રહે. દુખડાજ ઘણા નિત ભોગવતાં,
બહુ કષ્ટ સહે બહુ જગત હસે તે માણસને ૪
સજ્જન શુ કે, નવ નામજ લે, ધીક્કાર કરે.
થાય રકતપીત્ત, ક્ષયદાહ અને, કાંઇ કાંઇ રોગને આશ્રયદે,
આયુષ ચુસીલે. ૫

૫.

ગયા પુરૂષ ચળીને બાઇ, તાલ રહ્યા જગમા નહિં.
ધર્મ નીતિ શાસ્ત્ર સઘળા, પગ તળે રોળ્યા છે. ૧
મદ્ય પીયે મોટા મોટા, દારૂ પીને થયા ખોટા
દેહુ નાસ કરતા અનેક, ટોટામા આવી પડતાં. ૨
અજ્ઞ સુજ્ઞ પંગત એકે, બેસીને દારૂ ઢીંચે.
મસ્ત થઈ ગાડા પેઠે, દારૂબાજ કેવા દીસે. ૩
દારૂ તાડી ગાજા પીને, પૈશા આપી પારકાને.
દેશ ભીખ મગાવે છે સમજ એટલી કાંન પડે ૪
દ્રવ્ય નાશ કરતા ભારે. લક્ષ દે નહિ સસારે,
વસ્ત્ર પાત્ર ગૃહુના સરવે, દારૂને અર્પણ કરીને. ૫
નાશ બુદ્ધિકેરો થાય, સ્મરણ શકિત ઓછી થાય,
ઈદ્રિય સહુ ચળી જાય, દારૂણી સુરા ખરે ૬

૬

પ્રથમ લાગતો મનુષ્ય શીરીત, વારૂણી કુલટાને ભજને,
લક્ષ દેઇને ધ્યાન ધરોતે, જેથી ફસો નહિ મદ્ય વિષે ૧
દારૂબાજ પૂરા બનીયાજે, યત્ન કરે બહુ બહુ નિત્યે,
અજ્ઞ જનોને ફસાવી કરી, મદ્ય પોતાનો વધારી દે ૨
બહુ બહુ વર્ણન મદ્ય તણુ કરે, રગ નવા નવા આપીને,
શુદ્ધ મનોના અજ્ઞ જનોને, ઝટ કરીને બાટીજ દે ૩
જેહની પાસે દ્રવ્ય ન હોયે, ગાઠથી તેમને આપીને,
પીઠામા લઇ જાય પહેલા, ગ્લાસ ભરી તેને વારૂણી દે. ૪

જો એમ કરતાં ઠાઠ જોઇને, જોઇને ધીંગા મસ્તી વળી,
ધાભરીને ચમકી તે જાય, જાય ઉઠી ગ્લાસ છોડી કરી. ૫
અન્ય દીને તો સંતાડીને, ઘેર શીશો લઈ જાય છે,
ઉંધુ ચતું છેતરી સમજાવી, ગુપ્તપણે પીવરાવે છે ૬
વાહુવાહુ કરે ને કરે ખુશામત, પ્રેમ દેખાડે દુષ્ટો અતિ,
ભેગા થઈને સામેલ થાવા, બહુ બહુ કરે વિનવણી ૭
આજીજી એમ બહુ બહુ કરીને, તેને પ્રથમ ફસાવે છે,
ધીમે ધીમે પછી વધતા વધતા, પીધેલ પુરો બનાવે છે. ૮
આખરે જોવા જેવી ભાઇની, અવદશા તો થાયે છે,
અહોનીશ ચકચૂર બની, કરી વેશ વિચિત્ર ભજાવે છે. ૯
રસ્તામા પડે આખરે નિત્યે, લોક મોપર થુથુકાર કરે,
કુટુંબ નાશ ઘરબાર તણો કરે, સર્વ કરે ધુળધાણી ખરે.૧૦

૭

પાશ્ચિમાત્ય જ્ઞાનનિપુણ શિક્ષિતો કહે,
ગામઠી ન દારૂ કેરી રૂચિ જરા પડે,——ટેક
બ્રાંડી, વ્હીસ્કી પોર્ટ શેરી, રમ જીનને
શેંપેઇન કલેરેટ બીયર આદી બાટલી ઉડે, ધડેધડા પીયે. ૧
યુરોપ આદિ પારકા પ્રદેશથી ઉંચો,
આર્ય દેશમાહિ આવી દારૂ આ વસ્યો,
ઘણુક દ્રવ્ય જાય લુટી બહાર ઘગડીને,
સુરા ત્વરા કરી કરી, હીંદુઓ પીએ, લાજ ના ધરે ૨
પાશ્ચિમાત્ય૦

પ્રમાણુ ટકા ત્રણુ તાણુ બીયરમાં રહે,
બ્રાંડીમાંહિ જેહનું પ્રમાણુ છપન છે,
તે એલ્કોહોલ, કરે બેહાલ, જન સર્વને;
સુશિક્ષિતો બહુ પીતા, મરણુ પામતા, હાય અવદશા. ૩
પાશ્ચિમાત્ય૦

કુટુંબ ધર્મ દેહ કેરી ભ્રાંતિ બહુ પળે,
લોક લાજ લેશ કાજ મન ના બળે,
રડે હસે પડે ખંડ વસ્ત્ર તો ગળે,
ઇજાર બૂટ કોટ તે ગટરમાં પડે, નગરે ટળવળે ૪
પાશ્ચિમાત્ય૦

મુખ સુજેલ, નાક લાલ, ગાલ લાલ છે,
નેત્ર લાલ, કંપે દિલ, જીભ તોતડે,
ધુજે પાય, મોઢાં ગંધાય, નેત્ર બંધ રહે,
જન હસે, ન કેમ હસે, મૂર્ખ પણ બને, કેમ તે ફરે ૫
પાશ્ચિમાત્ય૦

પીધેલના છોકરાનો વિલાપ.

હસે મને બહુ લોક, માવડી. હસે મને બહુ લોક —ટેક
કહે બાપ તુજ પદવીધર પણ નહીં લોકની લાજ,
દારૂ પીને રસ્તામાં લથડે, કરતો બહુ અવાજ.
નફ્ફટ કરતો બહુ અવાજ ૧
સભાઓમાં ભાષણ ઝાડે મદ્યનિષેધી
પણ ઘેર આવતાં વેંતમાં બ્રાંડી ઝોકે અનિવાર,
ભયંકર બ્રાંડી ઝોકે અનિવાર. ૨

મદ્ય નિષેધક સભાનો છે, સભ્ય તે પહેલો કલાશ,
પણ ધીગાંમસ્તી કરે ઘરમા, વીલુ ન મુકે ગલાસ,
ઘડીભર વીલુ ન મુકે ગલાસ ૩
કૈનસ્મીથ આદી બહુ બહુ જનની લાબી લાબી કરે વાત.
બાટલે બાટલા ઘરમા ઉડાવે બધ કરીને દ્વાર ૪

ગ્રંથ શાસ્ત્રને વૈદ્ય વિદ્યાનો, કીધો પુરો અભ્યાશ,
પણ મદિરા માવડી ભજનમા, ધ્યાન લાગી થયો દાસ;
નિરતર ધ્યાન લાગી થયો દાસ ૫

મદ્યપાન પરિણામ વિષે તે, નિત્ય કરે છે ઘોષ,
પણ છોડે નહીં હઠ પોતાની, પડે તે વિણુ શોષ
ઘડી ઘડી પડે તે વિણુ શોષ ૬

એવી રીતે નિંદા કરતાં જનો કહે તુ તેનો બાળ,
આપ થકી થઈનિજ સવાયો, પીપાના પીપો ગાળ,
દારૂના પીપોના પીપો ગાળ ૭

દારૂડીયા ડેરા ઘરમાહિ, કહે કે પીવાનું શીખાય,
બાલગોપાળ બૈરા સહુ મળીને, દારૂ પીતાં સહુ જાય.
ભેગા થઈ [illegible]તા સહુ જાય ૮
ઉઠતાં બેસતા ધ્યાન [illegible] હાથ પગ ધોય,
નાહતા ધોતા [illegible]રે, હોંસથકી સહુ કોય,
પુરે પૂરી હોસથકી સહુ કોય ૯
માટે હો માવડી કહી તાંતને, છોડવ મદિરા પાન,

નહિતર જીવતો મુવેલો હું, કહાડીશ મારા પ્રાણ,
નિશ્ચય કહાડીશ મારા પ્રાણ ૧૦

૯

મને દેની હેવાતન દાન કાતજ હારારે,
ગૃહનાશ આ થાયછે ખાસ, સુરા પીતામારે
દુષ્ટ મિત્ર તમારા બહુ, લાગે કાળ જેવારે,
તમને ઘસડીને લઈ જાય, પીડામાહિ તે
તેને દુષ્ટ આ દારૂ શિવાય, ગમત ના બીજી સૂજે,
એને છોડીયો નવ છોડાય, પ્રાણ હરણ કરશે
આ બાટલી પીતા ધન જાય, શા પન ઝેર મોટુ છે,
કોઈક બાટલી લેશે જીવ, દયા ધર મુજપરરે
થયુ માથે કેટલુ કર્જ બુડયો તુ સહુ રીતે,
પૈસાના તગાજા રોજ, કેટલા કેટલા શાએ
હવે સ્વામી એ આખ ઉઘાડ, ગયુ સહુ આપણુ,
નથી કોડી રહી એક પાસ, વિચાર જરા કર તુ
દરરોજ જાતા ઑફીસ, શીશા ઉડાવો છો,
બહુ ચુક ઑફીસમા થાય, નોકરી ખોવાના છો,
પછી પેટ તણી શી સોઇ, કરશો શી રીતે,
ઘરબાર ગયા વેચાઈ, કર[illegible] ..
ગયા દાગીના સહુ કોઈ થઈ હુ ઉઘાડી:
રડે છોકરા મુકીને પોક, ભુખે ટળવળતાં,
કેમ રાખું મનમા ધીર, પ્રાણ હવે જાતાં.

વ્યસનાધીન નર જો થાય, લાવે દળદરને,
ભણ્યાં ગણ્યા તણો તો કાંઇ ફાયદો નવ દીસે,

૧૦

પીધેલની બૈરીનો વિલાપ.

મારે મને બહુ માર, ઢીચીને, મારે પતિ બહુ માર ટેક.
જાઉં નાસી ક્યાય, જીવ લઇ, જાઉં હું નાસી ક્યાંય— ૧
સોમા ગોમા જુવા સોબતી, પીઠામાહિં લઈ જાય.
રસ્તા માહિં કરે મસ્તી, લોકો નાસી જાય.— ૨
દારૂ વિના ઘડી ચાલે નહિં, ઝોકે કલાકમા ચાર ગ્લાસ,
રાત સારી પછી ઓકયા કરે, મને આપે અતિશય ત્રાસ. ૩
ચાકરી ખોઇ દારૂ લીધે, પણ હજુ ન આવી સાન,
નાના મોટા સહુ ગયા દાગીના લુગડાલત્તા જાણ ૪
ચોરી ચોરી વેચી આવે સઘળું, ચોર બજારમાં રોજ,
વાસણ કુસણ ટોપી વેચીયા. મનમા ન આણે શોચ ૫
ભીખ માગી કાલાવાલા કરી, માગી લાવું જેહ,
જુવાર બાજરી, દારૂ માટે, વેચી આવે તેહ ૬
ઘર ઘર ભીખ માગવી પડે, એ રડયાની મોકાણ
અન્ન વિણ ટળવળે મારો, કહાડું એની પ્રાણ— ૭

૧૧

દારૂડીયા તથા ધર્મિનો સંવાદ.

દા—દારૂ પીવા ચાલ, તાડી પીવા ચાલ, મઝા કરીયે, ધર્માજી,
ધ—બોલ નહિ તું વાત દારૂની, દારૂ પિનારા અતિ ખ્યાજી,

દા—ભુખ મટાડે, તૃષા છીપાવે, શ્રમ ઉતારે, એ ભાઇ
ધ—મગજ ખવાવી, ઝેર કાલવી, હાથે કરી પીઓ કાંઇ.
દા—ભાત ન જોઇયે, રોટી ન જોઇયે ભુખ તો ભાગે દારૂથી,
ધ—ભાત રોટલી હોય નહિ તો દેહ સુકાઇ જાય ગળી
દા—સ્નેહ વધે ને માન મળે વળી, મિત્ર મળે પિઠામાહિ,
ધ—દ્રવ્ય જાય ને ભીખ આવીને, સુજ્ઞ કરે નવ સંગ કદી
દા—બ્રેંડી વિસ્કિને બીયર આદિની, મજા જોઇએ ચાલ જરા
ધ—ગાય ઢોર ઘરબાર વેચીને, હોય માગવી જો ભીક્ષા.
દા—વધે જોર ને નુર વધે ને તેજ મુખપર ખુબ ચ્હડે.
ધ—રહે નેત્ર ઘેનમા, મુખ રતુમડા, શુધ્ધ મન કેરી નહ મે
દા—છે અજ્ઞાની, વળી અડાણી, દારૂ પાન નવ કરતાજે
ધ—સુરા દારૂએ, જનો મારીને, પાયમાલ બહુ કીધા છે.
દા—દારૂ રૂચે ને મિષ્ટજ લાગે. તુષ્ટ કરે છે મનડાને,
ધ—નાશ કરે તે યશ કીર્તિને શરીરને બહુ કષ્ટે છે
દા—ગ્લાસ બાટલી ઠાઠ મજાના, દારૂ બાજ કરતા વાહ વાહ
ધ—યમ સદનની વાટ દાખવે, જનને મુર્ખ બનાવીને
દા૦ ટાં ધ૦ સુખ નાશની જરા, આખુની જરા, મૃત્યુ દે ખરે
 દુર રહો નેહ થકી પ્રાણીયે હમે

૧૨

ગઝલ.

સુરામા દ્રવ્ય જેજે રહે, બહુ તે નાશ કરી છે.
રહ્યુ મશહુર એલ્કોહોલ, નામે ઝેરની તે તોલ ૧

પીયે આ વિષને જેજે, કારબોનિક એસીડ પેટમા લે
કરે જઠરાગ્નિને મંદ, કરે પાચન ક્રિયાને બંધ. ૨
પડે છે નાડીઓ નબળી, હરે છે સર્વ એ શકિત,
બગાડે બહુજ કોઠાને, બગાડે મુત્રાશયને. ૩
વધે ચરબી હૃદય નબળુ, પ્રતિદિન જાય છે પડતુ,
ભયંકર રોગ લાવે છે, સુકાવે જ્ઞાન તંતુને. ૪
સુકાઈ માસ જાય છે, કમી શકિત બહુ થાયે,
મગજ સુસ્તી વિષે રહે છે, ચળી બુદ્ધી સહુ જોય ૫
સુરાથી જીભડી દુખે, સુજીને લાલ થાય જે,
સુજી આ હોજરી જાય, લિવ્હર પણ નાશ પામે છે ૬
બહુ એમ વ્યાધિ આવે છે, શરીર સહુ રદ થાય છે,
પીધેલા આમ જલદીથી, દુખી થઇ મૃત્યુ પામે છે. ૭

૧૩

આરતિ.

સુરાપાનને શાસ્ત્ર સકળમાં નિંદ્ય પૂરૂ ગણીયું, નિંદ્ય બહુ ગણીયું.
મહા પાતકો પૈકી, પહેલું લેખીયુ, ૧
બ્રહ્મઘાત, ગોહત્યા, ગુરૂદારા હરણાદિ, ગુરૂદારા હરણાદિ,
ઘોર પાત કહેવાયે, મદ્યપાન તેવુ ૨
મનુ યાજ્ઞવલ્કયાદિ સ્મૃતિકારે ના કહિ છે, સ્મૃતિકારે ના કહી છે,
મહાભારતાદિ પણ શાસ્ત્ર પુરાણોએ ૩
બાધ જૈન નાનક ગ્રંથોમા, નિષેધ કીધો છે, નિષેધ કીધો છે,

૧૪

ઈસલામી દીન વિષે પણ, મત એવોજ દીસે. ૪
ઇંગ્રેજ તણા બાઈબલમા પણ, નિંદ્યજ છે, અતિશય નિંદ્યજ છે,
પારસી ધર્મ વિષે પણ, ગ્રહ્ય નથી વિષ એ. ૫
પ્રસિદ્ધ દોષ તેના પણ, લોક બહુ ચળતા, લોક બહુ ચળતા,
શાસ્ત્ર પૂરાણ ઉંચા મૂકી, દારૂ સહુ પીતા. ૬
પુછે ન કોઈ બહાર, વાત વિચિત્ર ખરે, વાત વિચિત્ર ખરે,
તે કારણ લોકોમા, દારૂ અધિક પ્રસરે ૭
દેશ ડુબ્યો તેથીજ, ધુળધાણિ થાએ, ધુળધાણિ થાયે,
વિધ વિધ વ્યસનો ઘુસી, સમાજમાં જાયે. ૮
શાસ્ત્રાજ્ઞા પાળીને, મદ્યપાન છોડો, મદ્યપાન છોડો,
સદ્દગુણથી વર્તીને, યશકીર્તિ જોડો. ૯

૧૪

બાંધવ ગણ, હિંદીજન, સાંભળો સહુ (૨)
વિચાર કરી, ચિન્ત ધરી, દેશની ખરી, કરો ઉન્નતિ ૧
સહુ વ્યસનના આધિન, જન સ્વહિત ચુકીયા,
દુષ્ટ સુરા માહિ પુરા, થઇને શુરા ચકચુર છે. ૨
સંસાર નાશ, કરે ખાસ, દુર કર અવિનાશ,
વારૂણીએ દારૂણી, આસુરી ખરી, નરક એ પુરી. ૩
પોતપોતાનું સંભાળીને, સ્વાર્થી બેસી રહેવુ,
યોગ્ય તે, ન ગતિ ખરે, હિંદુભાઈને ૪

પર હિત ધરો ચિત, પોતિકા સમાન,
સમજાવો ધરી ભાવ, પામર જનોને. ૫
હે જગદીશ કૃપાધીશ, કયા'રે છોડાવીશ,
દેશ સહુ, દુખી બહુ, દારૂ વ્યસનથી. ૬

સમાપ્ત

